વહેલી સવારથી ધુમ્મસની ચાદર છવાઈ, રસ્તા-ખેતરો ઢંકાયા

## શિનોર-સાધલી પંથકમાં ગાઢ ધુમ્મસથી હિલ સ્ટેશન જેવો માહોલ

**ઓછી** વિઝિબિલિટીના કારણે વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખવી પડી

(પ્રતિનિધિ) શિનોર, તા.21

શિનોર તાલુકાના શિનોર, સાધલી સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાઈ જતાં સમગ્ર પંથકમાં હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. સવારના સમયે રસ્તાઓ, ખેતરો અને આસપાસના વિસ્તારો ધુમ્મસની ચાદરમાં ઢંકાઈ જતા કુદરતી સૌંદર્યનો મનમોહક નજારો જોવા મળ્યો હતો. ધુમ્મસના કારણે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.



ગાઢ ધુમ્મસને કારણે મુખ્ય માર્ગો પર દ્રશ્યતા ઘટી જતાં વાહનચાલકોને દિવસના સમયે પણ વાહનોની હેડલાઈટ ચાલુ રાખીને પસાર થવું પડ્યું હતું. કેટલાક માર્ગો પર ધુમ્મસ એટલું ગાઢ હતું કે થોડા અંતર સુધીનો રસ્તો પણ સ્પષ્ટ દેખાતો ન હતો. પરિણામે વાહનચાલકોએ ધીમી ગતિએ વાહન હંકારવાની સાથે ખાસ સાવચેતી રાખી હતી.

સાધલી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારની ઠંડી સાથે ધુમ્મસ છવાતા રસ્તાઓ અને ખેતરો ઉપર જાણે સફેદ ચાદર પથરાઈ હોય તેવો નજારો સર્જાયો હતો. ગ્રામ્ય પંથકનું વાતાવરણ હિલ સ્ટેશન જેવું લાગતાં લોકોએ કુદરતી દ્રશ્યનો આનંદ માણ્યો હતો. જોકે, ઓછી દ્રશ્યતાને કારણે અકસ્માતની શક્યતા વધતી હોવાથી વાહનચાલકોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની ફરજ પડી હતી.

ખેડૂતોની જમીન અને વેપારીઓની મિલકતો અસરગ્રસ્ત થવાની સ્થાનિકોને ભીતિ

## જેતપુરપાવી બાયપાસના પ્રસ્તાવિત રૂટ સામે ગ્રામજનોનો વિરોધ

**રેલી યોજી** મામલતદાર અને ધારાસભ્યને આવેદનપત્ર પાઠવ્યું

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.21

જેતપુરપાવી ખાતે નવા બાયપાસના નિર્માણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, પ્રસ્તાવિત બાયપાસના રૂટને લઈને સ્થાનિકો અને પાવી ગામના રહીશોમાં વિરોધ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પ્રસ્તાવિત બાયપાસના રૂટમાં ખેડૂતોની જમીનો તેમજ કેટલાક વેપારીઓની મિલકતો આવતી હોવાની શક્યતા છે. ઉપરાંત



મુસ્લિમ સમાજના કબ્રસ્તાનની જમીન પણ બાયપાસના પ્રસ્તાવિત રૂટમાં આવતી હોવાનો સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મુદ્દે ગ્રામજનો દ્વારા રેલી યોજી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. રેલી બાદ મામલતદાર તેમજ ધારાસભ્યને આવેદનપત્ર પાઠવી બાયપાસના પ્રસ્તાવિત રૂટ અંગે પુનઃવિચારણા કરવાની માંગ કરવામાં આવી હતી. સ્થાનિકોએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, બાયપાસના કારણે ખેડૂતો, વેપારીઓ તેમજ કબ્રસ્તાનની જમીનને અસર થવાની ભીતિ છે. તેથી તમામ અસરગ્રસ્ત લોકોના હિતોને ધ્યાનમાં લઈને જ આગળની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ગ્રામજનોએ હાલ ચાલી રહેલી સર્વેની કામગીરી અંગે વાંધો વ્યક્ત કરી બાયપાસનો રૂટ ફરી વિચારણા હેઠળ લેવા માંગ કરી છે. સાથે જ યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો આગામી દિવસોમાં વધુ વિરોધ કરવાની ચીમકી પણ સ્થાનિકો દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રસ્તા વચ્ચે ઢોર બેસી રહેતાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ

## સંખેડા મુખ્ય ગેટ અને ચોકડી પર રખડતી ગાયોથી વાહનચાલકો પરેશાન

**ઢોરના** માલિકો સામે કાયદાકીય કાર્યવાહી કરી દંડ વસૂલવાની ગ્રામજનોની માંગ

(પ્રતિનિધિ) સંખેડા, તા.21

સંખેડાના મુખ્ય ગેટ પાસે અને સંખેડા ચોકડી પર રખડતી ગાયોની રોજની સમસ્યાને લઈ વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે. રખડતા ઢોરના કારણે દરરોજ ટ્રાફિકમાં અડચણ ઉભી થાય છે અને અકસ્માતનો ભય સતત રહે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રોજ સંખેડા ચોકડી પર રખડતી ગાયો રસ્તા વચ્ચે બેસી રહેતી હોવાથી વાહન



વ્યવહાર જોખમી બન્યો છે.

થોડા દિવસ અગાઉ સંખેડામાં એક હડકાયેલી ગાયએ પાંચ થી છ વ્યક્તિઓને ઈજા પહોંચાડી હોવાની ઘટના પણ બની હતી. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યારે ગ્રામજનોની માંગ છે કે તંત્ર દ્વારા રખડતા ઢોરના માલિકો વિરુદ્ધ કાયદાકીય પગલા ભરવામાં આવે અને પંચાયત દ્વારા આવા ઢોરને ડબ્બામાં પૂરી દંડ વસુલાત કરવામાં આવે. જો આમ કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને કોઈ વ્યક્તિને ઈજા થતી અટકાવી શકાશે. રખડતી ગાયોના માલિકોને તાત્કાલિક સૂચના આપી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## ડભોઈ પોલીસ સ્ટાફે બાપ્પાને ભાવભીની વિદાય આપી



(પ્રતિનિધિ) ડભોઈ, તા. 21

ભાદરવા સુદ ચોથથી ગણપતિજીની સ્થાપના બાદ ડભોઈમાં ત્રણ દિવસ, સાત દિવસ તેમજ અનંત ચૌદશના દિવસે શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવે છે. આ પરંપરા અંતર્ગત ડભોઈ પોલીસ કર્મચારીઓ દ્વારા પણ ગણપતિજીની સ્થાપના કરી આજે ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

પી.આઈ. પટેલ સહિત પોલીસ સ્ટાફ દ્વારા હીરાભાગોળ બહાર આવેલા કૃત્રિમ તળાવ ખાતે શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં 'ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચા વરસી લૌકરીયા'ના નાદ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. પોલીસ કર્મચારીઓએ બાપ્પાના આશીર્વાદ લઈ ભાવભીની વિદાય આપી હતી.

ડભોઈ નગરી ઉત્સવોની નગરી તરીકે ઓળખાય છે. અહીં લોકો ધાર્મિક પરંપરાઓ અને શ્રદ્ધા સાથે વિવિધ ઉત્સવોની ઉજવણી કરતા હોય છે. ગણેશોત્સવ દરમિયાન પણ ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ટાંકી બન્યા બાદથી જ સમસ્યા, વારંવાર રિપેરિંગ છતાં લીકેજ યથાવત

## ટીંબા ગામે નવી પાણીની ટાંકીમાં લીકેજથી હજારો લીટર પાણીનો વેડફાટ

**બાંધકામની** ગુણવત્તા સામે ગ્રામજનોના સવાલો, તકનિકી તપાસની માંગ

(પ્રતિનિધિ) સંખેડા, તા.21

સંખેડા તાલુકાના ટીંબા ગામની ભાગોળે નવી બનાવવામાં આવેલી પાણીની ટાંકીમાં સતત લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. નવી ટાંકીમાં સર્જાયેલી આ સમસ્યાને પગલે ગ્રામજનોએ બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઉઠાવ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ટાંકીનું નિર્માણ થયું ત્યારથી જ



લીકેજની સમસ્યા છે. ટાંકીમાં પાણી ભરાતાં જ પાણી બહાર નીકળવાનું શરૂ થઈ જાય છે. ઈજારદાર દ્વારા અનેક વખત તપાસ અને સમારકામ કરવામાં આવ્યું હોવા છતાં સમસ્યા યથાવત રહેતાં ગ્રામજનોએ બાંધકામની તકનિકી તપાસ કરાવી કાયમી નિરાકરણ લાવવાની માંગ કરી છે.

સ્થાનિક આગેવાન મેહુલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વારંવાર રિપેરિંગ છતાં લીકેજ બંધ થયું નથી. સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આંદોલન કરવામાં આવશે.

બીજી તરફ બોડેલી પાણી પુરવઠા વિભાગના અધિકારી જયદીપ ડામોરે જણાવ્યું હતું કે, ટાંકીનું બે વખત રિપેરિંગ કરાયું છે. કેમિકલ લગાવ્યા બાદ 24 કલાક સુધી તેને સુકવવું જરૂરી છે, પરંતુ તાત્કાલિક પાણી ભરાતા કેમિકલ અસરકારક રહેતું નથી.

## શિનોરમાં ગુંજ્યો ગણેશજીનો જયજયકાર



અઢિ ભાગ યુવા ગ્રુપ-શિનોર



ચોકસી બજાર યંગ ગ્રુપ - શિનોર



નવી કોલોની - શિનોર



બસ સ્ટેન્ડ યુવા ગ્રુપ-શિનોર



માછીવાડ યુવા ગ્રુપ - શિનોર



રામજી મંદિર યુવા ગ્રુપ-શિનોર



રાણાવાસ યુવક ગ્રુપ-શિનોર



શિનોર પોલીસ લાઈન-શિનોર

## કમલાપુર-દતપુરા ૧૧ કેવી લાઈનમાં કરંટથી વીજકર્મી પટકાયો

**સુરક્ષા** સાધનો વિના કામ કરતા યુવકને પગમાં ગંભીર ઈજા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 21

એમજીવીસીએલ હદમાં કમલાપુરથી દતપુરા તરફ જતી 11 કેવી વીજ લાઈનની ડીપીમાં સમારકામ દરમિયાન અચાનક વીજપ્રવાહ ચાલુ થતાં કોન્ટ્રાક્ટ કર્મચારી 20 વર્ષીય જોગેશને જોરદાર વીજશોક લાગ્યો હતો. કરંટ લાગતાં તે ડીપી પરથી નીચે પટકાયો હતો.

મળતી માહિતી મુજબ વીજપ્રવાહ બંધ હોવાનું સુનિશ્ચિત કર્યા બાદ જ વીજકર્મીઓને પોલ પર ચઢાવવામાં આવે છે. જોકે, સમારકામ દરમિયાન અચાનક વીજપ્રવાહ શરૂ થતાં અકસ્માત સર્જાયો હતો. જોગેશ પાસે હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ અને વીજશોકથી બચવાના મોજાં સહિતના જરૂરી સુરક્ષા સાધનો ન હોવાનું જાણવા મળ્યું છે. વીજશોકના કારણે તેના પગમાં ગંભીર ઈજા થઈ હતી.

સાથી કર્મચારીઓએ તેને ભાનમાં લાવવાનો પ્રયાસ કર્યા બાદ 108 મારફતે નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. ઘટનાની જાણ થતાં એમજીવીસીએલ વિભાગના અધિકારીઓ દોડી આવ્યા હતા. સમારકામ પૂર્ણ થયા પહેલાં વીજ પુરવઠો કોણે શરૂ કર્યો તે તપાસનો વિષય બન્યો છે. કોન્ટ્રાક્ટ કર્મચારીઓને સુરક્ષા સાધનો વિના કામ કરાવવાના આક્ષેપો વચ્ચે જવાબદાર સામે શું કાર્યવાહી થાય છે તે જોવું રહ્યું.

## ડભોઈ રેફરલ હોસ્પિટલના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાતે આરોગ્ય ચેરમેન

**સરપંચે** આરોગ્ય સમિતિના ચેરમેનનો સંપર્ક કરતાં તાત્કાલિક મદદ મળી

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 21

ડભોઈ રેફરલ હોસ્પિટલ અવારનવાર વિવાદમાં રહેતી હોવાના આક્ષેપો વચ્ચે આજે ડભોઈ તાલુકાના ઓરડી ગામના રેવાબેન બારીયાને ડાયાલિસિસ કરાવવામાં ટેકનિકલ મુદ્દો સર્જાતા મુશ્કેલી પડી હતી. ડાયાલિસિસ સેન્ટર દ્વારા ડાયાલિસિસ કરવાની ના પાડવામાં આવતા ગામના સરપંચે તાત્કાલિક જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશ પટેલનો સંપર્ક કર્યો હતો.

ભાવેશ પટેલે ઘટનાસ્થળે પહોંચી સ્થાનિક તબીબો સાથે ચર્ચા કરી રેવાબેનનું ડાયાલિસિસ



આજે જ વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં થાય તે માટે વ્યવસ્થા કરાવી હતી. 108 મારફતે તેમને વડોદરા ખસેડવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ડભોઈ રેફરલ હોસ્પિટલના ટેકનિશિયનો સાથે વાત કરી દર્દીને જરૂરી તમામ મદદ મળી રહે તે માટે સૂચના આપવામાં આવી હતી. ભાવેશ પટેલે જણાવ્યું હતું કે ડભોઈ રેફરલ હોસ્પિટલમાં કોઈપણ દર્દીને ડાયાલિસિસ માટે મુશ્કેલી પડવી ન જોઈએ અને આ સુવિધા શહેર-તાલુકા માટે અત્યંત જરૂરી છે.

## પીઠા-પાટણા વચ્ચે બાઈક અકસ્માતમાં ચાલક ગંભીર

**સ્ટેરિંગ** પરથી કાબૂ ગુમાવતા બાઈક રોડ પર પટકાયું, રાહદારીઓએ 108ને જાણ કરી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 21

બોડેલી તાલુકાના પીઠા-પાટણા ગામ વચ્ચે આજે બાઈક અકસ્માત સર્જાતા દોડધામ મચી હતી. મળતી માહિતી મુજબ બાઈક ચાલક રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઈક રોડ પર પટકાયું હતું.

અકસ્મતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતાં આસપાસથી પસાર થઈ રહેલા રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત



ચાલકને મદદ કરી હતી. ત્યારબાદ રાહદારીઓએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

માહિતી મળતાં 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે પીઠા-પાટણા રોડ પર થોડા સમય માટે લોકોની ભીડ એકત્ર થઈ હતી. ઘટનાને પગલે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

## બહાદુરપુરમાં 'આંતરરાષ્ટ્રીય સાપ જાગૃતિ સપ્તાહ' કાર્યક્રમ યોજાયો

**વન** વિભાગની ટીમે લાઈવ રેસ્ક્યુ ડેમો દ્વારા વૈજ્ઞાનિક સમજણ આપી

(પ્રતિનિધિ) સંખેડા, તા. 21

આંતરરાષ્ટ્રીય સાપ જાગૃતિ સપ્તાહ અંતર્ગત સંખેડા તાલુકાના બહાદુરપુર ગામમાં વન વિભાગ અને એનિમલ રેસ્ક્યુ ટીમ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગ્રામજનો, મહિલાઓ, બાળકો તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વન વિભાગ અને રેસ્ક્યુ ટીમના સભ્યોએ ઝેરી અને બિનઝેરી સાપની ઓળખ, સાપનું પર્યાવરણમાં મહત્વ તેમજ સાપ અંગે પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ વિશે વૈજ્ઞાનિક માહિતી આપી હતી. સાપ ખેતીમાં ઉંદરોનું નિયંત્રણ કરવામાં મહત્વની



ભૂમિકા ભજવે છે તે અંગે પણ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ સાપના સુરક્ષિત રેસ્ક્યુનું લાઈવ ડેમો રહ્યું હતું. સાપને ઈજા પહોંચાડ્યા વિના કેવી રીતે રેસ્ક્યુ કરવો તેની પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. સાપ બીનના અવાજે નાચતો નથી અને દૂધ તેનો કુદરતી ખોરાક નથી તેવી ગેરમાન્યતાઓ અંગે પણ લોકોને માહિતગાર કરાયા હતા. સર્પદંશ થાય ત્યારે ભુવા-તાંત્રિકના ચક્કરમાં સમય બગાડ્યા વિના દર્દીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા અપીલ કરાઈ હતી.

## ડભોઈમાં ગરબા મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ

**ખેતીવાડી** બજાર સમિતિના ગ્રાઉન્ડમાં પૂજાપાઠ બાદ તૈયારીઓનો પ્રારંભ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.21

નવરાત્રીના પાવન પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ડભોઈમાં ગરબા મહોત્સવની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાની આગેવાની હેઠળ માં ગઢ ભવાની ગરબા કલ્ચર ગ્રુપ દ્વારા ખેતીવાડી બજાર સમિતિના ગ્રાઉન્ડ ખાતે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તૈયારીઓના પ્રારંભે પૂજાપાઠ કરવામાં આવ્યો હતો.



ત્યારબાદ ધારાસભ્ય સહિત આયોજકોએ ગ્રાઉન્ડ પર ત્રિકમનો ઘા કરી સ્થળને ખુલ્લું મૂક્યું હતું.

ગરબા મહોત્સવ માટે ગ્રાઉન્ડ તૈયાર કરવાની કામગીરી સાથે મંડપ, ડેકોરેશન, લાઈટિંગ, ગરબા સ્ટેજ તેમજ ખાણી-પીણીના સ્ટોલ સહિતની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવશે. નવરાત્રી ગુજરાતની આગવી ઓળખ બની ગઈ હોવાથી ગરબા રસિકો અને ખેલૈયાઓમાં અત્યારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ડભોઈની ઉત્સવપ્રેમી જનતા દરેક તહેવાર ધામધૂમથી ઉજવતી હોવાથી નવરાત્રી દરમિયાન પણ મોટી સંખ્યામાં લોકો ગરબે રમવા ઉમટે તેવી શક્યતા છે. ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા દ્વારા સતત આઠમી વખત નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે હિન્દુ સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને ખેલૈયાઓ માટે કપાળે તિલક ફરજિયાત કરવામાં આવ્યું છે. તિલક વિના કોઈને પણ ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં નહીં આવે. ગરબા ગ્રુપ દ્વારા મહોત્સવની તૈયારીઓનો આરંભ થતાં યુવાધનમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે જૈમિન પટેલ બિનહરીફ વિજેતા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી તારીખ 19 સપ્ટેમ્બર ના રોજ શિક્ષક મંડળી સાવલી ખાતે યોજવામાં આવી જેમાં વડોદરા જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ના હોદ્દેદારો બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા. જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ વડોદરા મા પણ જિલ્લાના તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા જેમાં પ્રમુખ તરીકે જૈમીન પટેલ મહામંત્રી તરીકે અલ્પેન્દ્રસિંહ રાહુલજી અને નરેન્દ્રસિંહ વાઘેલા ની નિમણૂક કરવામાં આવી સિનિયર કાર્ય અધ્યક્ષ તરીકે પરિમલ તલાટી સિનિયર ઉપપ્રમુખ તરીકે અલ્પેશ ભટ્ટ ઉપપ્રમુખ તરીકે રણજીતસિંહ પઢિયાર કાર્ય અધ્યક્ષ તરીકે નિકુલ જોશી આમ તમામ હોદ્દેદારો બિનહરીફ તૂટાયેલા જાહેર કરવામાં આવ્યા.